# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day: SATURDAY** **National News**

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.**

*******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં ચાલી રહેલી નીતિ આયોગની બેઠકમાં 'વિકસિત રાજ્ય ફોર વિક્સિત ભારત @ 2047'ની ચર્ચા
2. કેન્દ્રીય રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ગુણવત્તાયુક્ત અને વાજબી આરોગ્યસંભાળ સેવાઓનો વ્યાપ વધારવા રાજ્ય સરકારો સાથે સહયોગ કર્યો
3. ઝારખંડમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણમાં 3 નક્સલવાદીઓ ઠાર
4. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ આજે સમય કરતાં વહેલુ  કેરળમાં પ્રવેશ્યું
5. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મન કી બાત કાર્યક્રમની 122મી કડીમાં પોતાના વિચારો રજૂ કરશે

...........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM NITI AYOG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં નીતિ આયોગની દસમી ગવર્નિંગ કાઉન્સિલ બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ બેઠકમાં અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલો, કેન્દ્રીય મંત્રીઓ અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ, સભ્યો અને સીઈઓ હાજરી આપી રહ્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ  ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ અને છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ સહિત અનેક લોકો આ બેઠકમાં હાજરી આપી રહ્યા છે. ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં આ વર્ષની થીમ, 'વિકસિત રાજ્ય ફોર વિક્સિત ભારત @ 2047' પરના અભિગમની ચર્ચા થઈ રહી છે.

. . . . . . . . . . . . . . . .

# RISING SUMMIT-ANUPRIYA

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ગુણવત્તાયુક્ત અને વાજબી આરોગ્યસંભાળ સેવાઓની પહોંચ વધારવા માટે રાજ્ય સરકારો સાથે સહયોગ કર્યો છે.**

**નવી દિલ્હીમાં રાઇઝિંગ નોર્થ ઇસ્ટ ઇન્વેસ્ટર્સ સમિટમાં મીડિયા સાથે વાત કરતા, તેમણે કહ્યું કે ખાનગી ક્ષેત્ર સમગ્ર પૂર્વોત્તરમાં આરોગ્યસંભાળને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. સુશ્રી પટેલે જણાવ્યું હતું કે સરકારે પૂર્વોત્તરના લોકો સુધી પહોંચવા માટે તમામ પ્રયાસો કર્યા છે.**

**(બાઈટ – અનુપ્રિયા પટેલ)**

. . . . . . . . . . . . . . . .

# JAISHANKAR - BERLIN

વિદેશ મંત્રી એસ. જયશંકરે આતંકવાદ સામેની લડાઈ અને સ્વ-બચાવના અધિકારને જર્મનીના સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો છે. જર્મનીના બર્લિનમાં જર્મન કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સમાં બોલતા, ડૉ. જયશંકરે કહ્યું કે આતંકવાદી હુમલાની જર્મનીની ટિકાથી ભારત પ્રોત્સાહિત થયું છે. ડૉ. જયશંકરે કહ્યું કે જર્મન વિદેશ મંત્રી જોહાન વાડેફુલના ભારતના સ્વ-રક્ષણના અધિકારને માન્યતા આપવાના સ્પષ્ટ સંદેશથી પણ ભારત પ્રોત્સાહિત થયું છે. તેમણે કહ્યું કે ભારતને પોતાનો બચાવ કરવાનો અને દેશને સુરક્ષિત રાખવાનો અધિકાર છે, જેના પર જર્મની સહિત વિશ્વના મોટાભાગના દેશો સંમત છે.

ડૉ. જયશંકરે કહ્યું કે પાકિસ્તાન ઘણા વર્ષોથી આતંકવાદનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું છે અને આતંકવાદીઓને આશ્રય આપી રહ્યું છે. તેમણે પહેલગામ આતંકવાદી હુમલાની ટીકા કરતા કહ્યું કે હુમલાનો ઉદ્દેશ્ય ભયનું વાતાવરણ ઉભું કરવાનો અને પ્રદેશના પ્રવાસન અર્થતંત્રને નષ્ટ કરવાનો તેમજ ધાર્મિક દ્વેષને પ્રોત્સાહન આપવાનો હતો. તેમણે કહ્યું કે ભારતનું અભિયાન આતંકવાદ વિરુદ્ધ છે અને તેણે આતંકવાદી મુખ્યાલયો અને આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે અને તેને ચારેતરફથી આંતરરાષ્ટ્રીય સમર્થન મળ્યું છે.

ભારત-જર્મની સંબંધો અંગે વિદેશ મંત્રીએ કહ્યું કે સંરક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે પરસ્પર સંબંધો ખૂબ જ મજબૂત રહેશે.

. . . . . . . . . . . . . . . .

# JHARKHAND - naksalvadi

ઝારખંડના લાતેહાર-લોહરદગા જિલ્લાની સરહદ પર સ્થિત ઇચ્છાબાર જંગલમાં આજે સવારે પોલીસ અને JJMP-ઝારખંડ જન્મ મુક્તિ પરિષદ, નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ. આ અથડામણમાં 3 નક્સલવાદીઓ ઠાર થયા.

આ અથડામણમાં એક પોલીસ કર્મચારી પણ ઘાયલ થતાં હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે

ઉલ્લેખનીય છે કે લાતેહારના SP કુમાર ગૌરવને ગુપ્ત માહિતી મળી હતી કે JJMP નક્સલવાદીઓની એક ટુકડી ઇચ્છાબાર જંગલમાં એકઠી

થઈ છે. માહિતી બાદ પોલીસ ટીમે જંગલમાં શોધ અભિયાન હાથ ધર્યું હતું. આ દરમિયાન પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી, હાલમાં, પોલીસ આખા જંગલને ઘેરી લઈને શોધ અભિયાન ચલાવી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# BSF

ભારતીય સરહદી સલાતમી દળે બનાસકાંઠા સરહદ પર ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. જવાનોએ એક પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર કર્યો હતો. બનાસકાંઠાની સરહદ પર એક ઘૂસણખોરને બીએસએફના જવાનોએ જોયો હતો અને તેને અટકી જવા કહ્યું હતું પરંતું તે માન્યો ન હતો અને ભારતીય જવાનો ઉપર ગોળીબાર કર્યો હતો.

બીએસએફના જવાનોએ પણ વળતો ગોળીબાર કરતાં ઘૂસણખોર ઠાર થયો હતો.

. . . . . . . . . . . . . . . .

## Rajsthan – accident

રાજસ્થાનના જૈસલમેર, જિલ્લાના પોખરણ વિસ્તારમાં થયેલા માર્ગ અકસ્માતમાં વન વિભાગના કર્મચારી સહિત ચાર લોકોના મોત થયા છે.

આ લોકો, એક હરણનો શિકાર થઈ રહ્યો હોવાની માહિતી મળ્યા બાદ તેને બચાવવા માટે નીકળ્યા હતા. ત્યારે રાત્રે લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બનાવ બન્યો હતો.

આ બનાવની માહિતી મળતા જ પોલીસ અને સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

. . . . . . . . . . . . . . . .

## NAGALAND - DRUG BUST

**નાગાલેન્ડમાં સુરક્ષા દળોએ ગઈકાલે કોહિમા જિલ્લામાં મણિપુરના એક વાહનમાંથી 14 કિલોથી વધુ અફીણ જપ્ત કર્યું છે. આ વાહન મણીપુરમાં સેનાપતિથી દિમાપુર જઈ રહ્યું હતું.**

**આ સંદર્ભમાં પંજાબના લુધિયાણાના ધર્મસિંહ નામના શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓએ તેની બેગમાંથી અફીણના અનેક પેકેટ અને 56 હજાર 500 રૂપિયા રોકડા જપ્ત કર્યા.**

. . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

દક્ષિણ પશ્ચિમ ચોમાસુ આજે કેરળમાં પ્રવેશ્યું છે, જે સામાન્ય રીતે પહેલી જૂનથી શરૂ થતું હતું. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે ૨૦૦૯ પછી પહેલીવાર  કેરળમાં ચોમાસાનુ વહેલુ આગમન થયું છે.

**બીજીતરફ હવામાન વિભાગે આજે કેરળ, દક્ષિણ કોંકણ, કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારો, મધ્ય મહારાષ્ટ્ર, ગોવા અને રાજસ્થાનના પશ્ચિમી ભાગોમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. તમિલનાડુ, કર્ણાટક, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, બિહાર અને આસામમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. આગામી બે થી ત્રણ દિવસ સુધી કેરળ, માહે અને દરિયાકાંઠાના કર્ણાટકમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને તેલંગાણામાં આગામી ત્રણથી ચાર દિવસ સુધી ભારે વરસાદ પડવાની શક્યતા છે. અહીં, દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ભારે પવન અને ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની સંભાવના છે.**

**હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પૂર્વી રાજસ્થાન અને જમ્મુના કેટલાક ભાગોમાં આગામી બે દિવસ સુધી ગરમીનું મોજું ચાલુ રહી શકે છે. દેશના ઉત્તર-પશ્ચિમ ભાગોમાં આવતીકાલ સુધીમાં મહત્તમ તાપમાનમાં બે થી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે.**

. . . . . . . . . . . . . . . .

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 122 મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DAY IPL CRICKET

IPL T20 ક્રિકેટમાં, આજે પંજાબ કિંગ્સ, જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે રમાશે. આ મેચ ઓપચારિક રહેશે કારણકે બંને ટીમો પ્લેઓફની રેસમાંથી બહાર થઇ ગઇ છે..

ગઈકાલે, સનરાઇઝર્સ હૈદરાબાદે લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ને 42 રનથી હરાવ્યું. 232 રનના લક્ષ્યનો પીછો કરતા, RCB 19.5 ઓવરમાં 189 રનમાં ઓલઆઉટ થઈ ગયું. 14મી ઓવર સુધી આરસીબી લડાયક રીતે રમી રહ્યું હતું પરંતુ અચાનક જ નાટકીય વળાંક આવ્યો હતો અને 16 રનમાં સાત વિકેટ પડી ગઇ હતી.. સનરાઇઝર્સ માટે, કેપ્ટન પેટ કમિન્સે 3 વિકેટ લીધી, જ્યારે એશાન મલિંગાએ બે વિકેટ લીધી.

. . . . . . . . . . . . . . . .